# ઈનવોઈસમાર્ટનો બે વર્ષમાં ₹11,000 કરોડના બિઝનેસનો ટાર્ગેટ

**અમદાવાદઃ** એમએસએમઈ સપ્લાયર્સ અને તેના કોર્પોરેટ બાયર્સને વિવિધ ફાઈનાન્સર્સ સાથે જોડતી અને ઈનવોઈસમાં ડિસ્કાઉન્ટિંગ શક્ય બનાવતી ઈનવોઈસમાર્ટ આગામી બે વર્ષ દરમિયાન ₹૧૧,૦૦૦ કરોડના બિઝનેસનું ટાર્ગેટ રાખી રહી છે. છેલ્લા એક વર્ષથી કાર્યરત ફિનટેક પ્લેટફોર્મ પ્રોવાઈડર ઈનવોઈસમાર્ટે અત્યાર સુધીમાં ₹૭૧૫ કરોડનો બિઝનેસ હાથ ધર્યો છે એમ કંપનીના સીઈઓ અને એમડી કલ્યાણ બાસુએ જણાવ્યું હતું. બાસુએ જણાવ્યું હતું કે, "અત્યાર સુધીમાં કંપની ૩૦,૦૦૦થી વધુ ઈનવોઈસ ડિસ્કાઉન્ટ કરી ચૂકી છે. વાસ્તવમાં ઈનવોઈસમાર્ટનો હેતુ ફંડિંગનો અભાવ અનુભવતા એસ્એમઈ ખેલાડીઓ માટે ઈનવોઈસ ડિસ્કાઉન્ટિંગનો ડેમોક્રેટાઈઝ કરવાનો છે. આ એવું પ્લેટફોર્મ છે જ્યાં અનેક ફાઈનાન્સર્સ એસએમઈને તેના ઈનવોઈસ પર ડિસ્કાઉન્ટ(વહેલા પેમેન્ટ પર આપવામાં આવતું ડિસ્કાઉન્ટ) આપવા માટે તૈયાર હોય છે. ઈનવોઈસ માર્ટ સાથે હાલમાં ૪૦ જેટલા ફાઈનાન્સર ઉપલબ્ધ છે. જેમાં પીએસયુ બેંક્સ, ખાનગી બેંક્સ, બહુરાષ્ટ્રીય બેંક્સનો સમાવેશ થાય છે. હાલમાં તે ૪૭ જેટલા કોર્પોરેટ બાયર્સનું રજિસ્ટ્રેશન ધરાવે છે. જ્યારે ૫૫૦ એસએમઈ રજિસ્ટર્ડ થઈ ચૂક્યા છે. આવી એસએમઈમાં મુખ્યત્વે રિટેલ, રિયલ એસ્ટેટ, હેલ્થકેર અને પાવર ઈક્વિપમેન્ટ કંપનીઓનો સમાવેશ થાય છે. બાસુએ જણાવ્યું હતું કે તેઓ બીબીબીપ્લસથી ઓછું રેટિંગ ધરાવતાં કોર્પોરેટ બાયર્સને રજિસ્ટર્ડ નથી કરતા.